# અખબારી યાદી

માર્ચ-2019માં લેવાયેલી ધોરણ:-10ની પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી રાજયના જુદા-જુદા સ્થળોએ આવેલ 130 મૂલ્યાંકન કેન્દ્ર પર ચાલી રહી છે.

તા:-26/3/2019ના રોજ અમદાવાદની રાણીપ વિસ્તારની એક શાળામાં ચાલી રહેલ મૂલ્યાંકનની કામગીરીના નિરીક્ષણ અર્થે બોર્ડના ખાસ ફરજ પરના અધિકારીશ્રીએ મુલાકાત લેતા જાણવા મળેલ કે કેન્દ્ર નિયામકશ્રીએ કોઇપણ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય કેન્દ્રનો સમય સવારનો કરેલ હતો. આ બાબતે તેઓ વિરૂધ્ધ પગલાં લેવાની શરૂઆત કરવા બોર્ડના અધિકારીઓની એક ટુકડીએ આજ સ્થળ મુલાકાત લઇ કેન્દ્ર નિયામકશ્રીનું નિવેદન રેકર્ડ પર લીધેલ છે તથા આજની સંપૂર્ણ કામગીરીનું નિરીક્ષણ કરેલ છે. નિયામકશ્રીએ આવતી કાલથી બોર્ડના નિયમો મુજબ કામગીરી શરૂ કરવામાં આવશે તેવી બાંહેધરી આપેલ છે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
વડોદરા